# આત્મધર્મ

માસિક : વર્ષ-૨ * અંક-૩ * નવેમ્બર, ૨૦૦૭



જ્ઞાન તે આત્મા એટલે જાણે તે આત્મા એટલે કે એની પાંચ પર્યાય છે તે દરેક જાણે....જાણે....તે આત્મા. જ્ઞાનમાં જાણવું છે, કોઈનું કાંઈ ફેરવવું કે પોતાનુંય ફેરવવું નથી. જ્ઞાનનો સ્વભાવ જ એવો છે એટલે કે એની પર્યાયનો સ્વભાવ એવો, એના ગુણનો સ્વભાવ એવો ને એ દ્રવ્યનો સ્વભાવ એવો.

*—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ જેમને આત્મસ્વરૂપનું વાસ્તવિક જ્ઞાન નથી તેવા બહિરાત્માઓને સુપ્ત અવસ્થા અને ઉન્મત્તાદિ અવસ્થા જ વિભ્રમરૂપ લાગે છે, પરંતુ આત્માનુભવી અન્તરાત્માને મિથ્યાત્વાદિ દોષો જેના ક્ષીણ થયા નથી તેવા બહિરાત્માની બધીય અવસ્થાઓ વિભ્રમરૂપ લાગે છે. ૧૦૦૪. *(શ્રી પૂજ્યપાદસ્વામી, સમાધિતંત્ર, ગાથા-૯૩)*

❀ આત્મતત્ત્વ અને શરીરાદિક બહિરતત્ત્વોનો યથાર્થ નિશ્ચય થતાં તેના ફળસ્વરૂપ સમસ્ત મિથ્યાત્વ-રાગાદિ શુભાશુભ સંકલ્પ-વિકલ્પોમાં ઇષ્ટબુદ્ધિ, આત્મબુદ્ધિ, ઉપાદેયબુદ્ધિ, હિતબુદ્ધિ અને મમત્વભાવ છોડી, વિશુદ્ધ જ્ઞાન-દર્શન સ્વભાવમાં નિશ્ચલ રહેવું તેનું નામ સાચો અમૂઢદૃષ્ટિ ગુણ છે. ૧૦૦૫.

*(શ્રી સમંતભદ્રસ્વામી, રત્નકરંડ શ્રાવકાચાર, શ્લોક- ૧૪ ભાવાર્થમાંથી)*

❀ ભ્રમજનિત દુઃખ દૂર થવાનો ઉપાય ભ્રમ દૂર કરવો એ જ છે. ભ્રમ દૂર થવાથી સમ્યક્ શ્રદ્ધા થાય એ જ દુઃખ મટવાનો સાચો ઉપાય છે. ૧૦૦૬.

*(શ્રી ટોડરમલજી, મોક્ષમાર્ગપ્રકાશક, અધિ.-૩, પાનું-૫૬)*

❀ નિશ્ચયનયસે વીતરાગસ્વસંવેદનરૂપ જ્ઞાનકી હી અધ્યાત્મશાસ્ત્રોંમેં પ્રસંશા કી ગઈ હે. ઈસલિયે સ્વસંવેદનજ્ઞાનકે વિના શાસ્ત્રોંકે પઢે હુએ ભી મૂર્ખ હૈં ઔર જો કોઈ પરમાત્મજ્ઞાનકે ઉત્પન્ન કરનેવાલે છોટે થોડે શાસ્ત્રોંકો ભી જાનકર વીતરાગસ્વસંવેદનજ્ઞાનકી ભાવના કરતે હૈં વે મુક્ત હો જાતે હૈં. ઐસા હી કથન ગ્રંથોમેં હરએક જગહ કહા હૈ કિ વૈરાગ્યમેં લગે હુએ જો મોહશત્રુકો જીતનેવાલે હૈં, વે થોડે શાસ્ત્રોંકો હી પઢકર સુધર જાતે હૈં, મુક્ત હો જાતે હૈં ઔર વૈરાગ્યકે બિના સબ શાસ્ત્રોંકો પઢતે હુએ ભી મુક્ત નહીં હોતે-યહ નિશ્ચય જાનના. પરંતુ યહ કથન અપેક્ષાસે હૈ. ઈસ બહાનેસે શાસ્ત્ર પઢનેકા અભ્યાસ નહીં છોડના ઔર જો વિશેષ શાસ્ત્રકે પાઠી હૈં ઉનકો દૂષણ ન દેના. ૧૦૦૭.

*(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિકાર- ૨, ગાથા-૮૪)*

❀ જે પુરુષ બાહ્ય-અભ્યંતર પરિગ્રહ રહિત શુદ્ધ ગુરુનો સેવક છે તે મિથ્યાદૃષ્ટિ જીવોનો મહા શત્રુ છે; માટે તે મિથ્યાદૃષ્ટિઓની નીકટમાં બલરહિત થઈને ન વસો. ૧૦૦૮. *(આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ સિદ્ધાંત-રત્નમાળા, શ્લોક-૪૮)*

❀

વર્ષ-૨
અંક-૩




સંવત
૨૦૬૪
November
A.D. 2007

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# કારણશુદ્ધપર્યાય

## જ્ઞાનના પ્રકારોમાં ક્યુ જ્ઞાન કોને હોય છે-તેનું વર્ણન

[શ્રી 'નિયમસાર' ગાથા ૧૧-૧૨ તથા તેની ટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન]

(સળંગ પ્રવચન નં. ૭)

આત્મા જ્ઞાનસ્વભાવી છે. તેનું જ્ઞાન 'સ્વભાવ' અને 'વિભાવ' એમ બે પ્રકારનું છે અને તેના કુલ ૯ પ્રકાર થાય છે, તે આ પ્રમાણે :

૧. કારણસ્વભાવજ્ઞાન

૧. કાર્યસ્વભાવજ્ઞાન

(આ બે પ્રકાર સ્વભાવજ્ઞાનના છે.)

૪. સમ્યક્મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યય.

૩. કુમતિ, કુશ્રુત અને વિભંગ.

[આ ૭ પ્રકાર વિભાવજ્ઞાનના છે.]

આ પ્રમાણે જ્ઞાનના કુલ ૯ પ્રકાર છે. આમાંથી ક્યુ જ્ઞાન ક્યા જીવને હોય છે તે હવે કહેશે.

આ (૧૧-૧૨) ગાથામાં નીચે મુજબ છ વિષયો છે :—

(૧) જ્ઞાનોપયોગના ૯ પ્રકારનું વર્ણન (૨ સ્વભાવજ્ઞાન, ૪ સમ્યક્જ્ઞાન અને ૩ મિથ્યાજ્ઞાન)

(૨) ક્યુ જ્ઞાન ક્યા જીવને હોય છે?

(૩) ક્યા જ્ઞાન 'પ્રત્યક્ષ' છે અને ક્યા 'પરોક્ષ' છે?

(૪) ક્યુ જ્ઞાન ઉપાદેય (અર્થાત્ મોક્ષનું મૂળ) છે?

(૫) આત્માને કેવો ભાવવો?

(૬) બ્રહ્મોપદેશ અને તેનો મહિમા.

ઉપર્યુક્ત છ વિષયોમાંથી પહેલો વિષય (ગતાંકમાં) આવી ગયો. બીજા વિષયો હવે અહીં આવશે.

કારણસ્વભાવજ્ઞાન કોને હોય છે?—એ તો બધાય જીવોને ત્રિકાળ હોય છે.

કાર્યસ્વભાવજ્ઞાન કોને હોય છે?—તે શ્રી અરિહંત અને સિદ્ધભગવંતોને જ હોય છે.

સમ્યક્‌મતિ, શ્રુત, અવધિ ને મન:પર્યય—એ કોને હોય છે?—પરમભાવમાં સ્થિત એવા સમ્યગ્દષ્ટિ સાધકને જ એ હોય છે. તેમાં વિશેષતા એટલી છે કે સમ્યક્‌મતિ-શ્રુતજ્ઞાન તો બધા સમકિતીને હોય છે, અવધિજ્ઞાન કોઈ કોઈ સમકિતીને હોય છે અને મન:પર્યયજ્ઞાન તો કોઈ વિશિષ્ટ સંયમધારી મુનિવરોને જ હોય છે.

કુમતિ, કુશ્રુત ને વિભંગ—એ ત્રણ મિથ્યાજ્ઞાન કોને હોય છે?—મિથ્યાદષ્ટિજીવોને એ હોય છે. તેમાંથી વિભંગજ્ઞાન કોઈ કોઈ મિથ્યાદષ્ટિને હોય છે.

જુઓ! ચાર સમ્યક્‌જ્ઞાન સમ્યગ્દષ્ટિને જ હોય છે. તે સમ્યગ્દષ્ટિ કેવા છે?-કે "પરમભાવમાં સ્થિત" છે. 'પંચમ પરમભાવમાં સ્થિત' તે સર્વે સમકિતીનું લક્ષણ છે. સમકિતી કોઈ રાગ-વ્યવહારમાં કે ઔદાયિકભાવમાં સ્થિત નથી પણ પરમભાવમાં જ સ્થિત છે.

'પરમભાવ' એટલે આત્માનો ત્રિકાળી પારિણામિકસ્વભાવ. તેમાં જેણે પોતાની દષ્ટિને એકાગ્ર કરી છે તે જ સમ્યગ્દષ્ટિ છે. જેની દષ્ટિ રાગાદિમાં એકાગ્ર છે તે મિથ્યાદષ્ટિ છે.

અહીં એમ કહ્યું કે સમ્યગ્દષ્ટિ પરમભાવમાં સ્થિત છે. કોઈ સમકિતીને અવધિ કે મન:પર્યયજ્ઞાન ભલે હો કે ન હો, કોઈ ચોથા ગુણસ્થાને હો, કોઈ પાંચમે હો કે છઠ્ઠા-

સાતમા વગેરે ગુણસ્થાને હો પણ તે બધાય સમકિતી 'પરમભાવ'માં સ્થિત હોય છે.

'પરમભાવ' એટલે શું?—શરીરાદિ તો જડ અને પર છે, તે નહિ. પુણ્ય-પાપ વિકાર છે, તે પણ નહિ. મતિજ્ઞાન વગેરે ક્ષાયોપશમિકભાવ છે, તે પણ નહિ ને કેવળજ્ઞાન પણ નહિ અર્થાત્ જેટલા ક્ષણિકભાવો છે તે કોઈ 'પરમભાવ' નથી. આત્માનો જે ત્રિકાળ એકરૂપ પરમપારિણામિકસ્વભાવ છે તે જ 'પરમભાવ' છે, તે સદાય શુદ્ધ છે, તે જ કેવળજ્ઞાન અને સમ્યગ્દર્શન વગેરેનો આધાર છે.

સમ્યગ્દૃષ્ટિ જીવો આવા પરમભાવની ભાવનામાં જ સ્થિત હોય છે. કોઈ નિમિત્તની, સંયોગની, વિકારની કે ક્ષણિકભાવોની ભાવનામાં જે સ્થિત છે–તે સમ્યગ્દૃષ્ટિ નથી.

બાહ્યપદાર્થોના અવલંબને જે ધર્મ માને છે તે જીવ પરમભાવમાં સ્થિત નથી પણ બાહ્યપદાર્થોમાં જ સ્થિત છે. એ જ પ્રમાણે રાગના અવલંબનથી જે ધર્મ માને છે તે રાગમાં જ સ્થિત છે, તે પરમભાવમાં સ્થિત નથી એટલે તે સમ્યગ્દૃષ્ટિ નથી ને તેને સમ્યગ્જ્ઞાન હોતું નથી.

એક સમયમાં પરિપૂર્ણ આનંદકંદ એવા પોતાના પરમસ્વભાવની પ્રતીત અને ભાવના જેને નથી ને રાગાદિ બાહ્યભાવો–પરભાવોથી લાભ માનીને તેની ભાવના જે ભાવે છે તે જીવ મિથ્યાદૃષ્ટિ છે ને મિથ્યાદૃષ્ટિના જ્ઞાન પણ મિથ્યા જ હોય છે.

ત્રિકાળ એકરૂપ, ધ્રુવ, કારણસ્વભાવરૂપ એવો જે પરમભાવ, તેની ભાવનાથી જ સમ્યગ્દર્શનાદિ થાય છે.

જુઓ! આ 'ભાવના' વિકલ્પવાળી નથી પણ પરમભાવને આશ્રયે જે ભવન થવું તે જ ખરી ભાવના છે.

વિકલ્પની ભાવના નહિ તેમજ વિકલ્પથી ભાવના નહિ પણ અંતર્મુખ નિર્વિકલ્પ પર્યાયથી આત્માના પરમસ્વભાવની ભાવના તે મોક્ષમાર્ગ છે.

પરમસ્વભાવમાં એકાગ્ર થઈને જે પર્યાય પરિણમી તેણે પરમસ્વભાવની ભાવના ભાવી એમ કહેવાય છે. તદ્રૂપ પરિણમન વગર એકલા વિકલ્પથી ભાવના ભાવે તે ખરી ભાવના નથી.

છઠ્ઠા–સાતમા ગુણસ્થાને વારંવાર નિર્વિકલ્પ આનંદમાં ઝૂલતા ભાવલિંગી સંત હો કે ચક્રવર્તીરાજમાં ૯૬ હજાર રાણીઓની વચ્ચે રહેલો સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થ હો તે બંનેને આત્માના પરમભાવની જ ભાવના હોય છે; તેમને રાગાદિ પરભાવોની ભાવના હોતી નથી

તેથી તેઓ રાગમાં સ્થિત નથી પણ પરમભાવમાં જ સ્થિત છે. સમકિતીને રાગ હોય તે વખતે પણ તે રાગની ભાવના તેમને હોતી નથી. પરમભાવની ભાવના જેમ જેમ ઉગ્ર થતી જાય છે એટલે કે તેમાં સ્થિરતા જામતી જાય છે તેમ તેમ ગુણસ્થાન વધતું જાય છે ને એ જ ઉપાયથી કેવળજ્ઞાન થાય છે.

આ સિવાય, એકલી બહારની ક્રિયા ઉપરથી કે કષાયની મંદતા ઉપરથી ગુણસ્થાનનું માપ નથી. અંતર્મુખ થઈને પોતાના પરમભાવને જે જાણે છે તેને જ સ્વ-પરપ્રકાશક સમ્યગ્જ્ઞાન ખીલે છે. જે પોતાના પરમભાવને નથી જાણતો ને રાગાદિ પરભાવોને જ પોતાના સ્વભાવપણે માને છે તેને સ્વ-પરપ્રકાશક સમ્યગ્જ્ઞાન હોતું નથી પણ મિથ્યાજ્ઞાન હોય છે.

રાગાદિથી કે નિમિત્તોથી લાભ માનનાર જીવ એકાંત પર-સન્મુખ રહે છે ને પરભાવોમાં જ વર્તે છે પણ સ્વ-સન્મુખ થઈને સ્વ-જ્ઞેયરૂપ એવા પોતાના પરમભાવને તે જાણતો નથી એટલે તેને સમ્યગ્જ્ઞાન હોતું નથી.

આ રીતે, જે પરમભાવની ભાવનામાં સ્થિત છે તે જ સમ્યગ્દૃષ્ટિ છે ને તેને સમ્યગ્જ્ઞાન હોય છે; તથા જે પરમભાવની ભાવનામાં સ્થિત નથી તે મિથ્યાદૃષ્ટિ છે, તેને મિથ્યાજ્ઞાન હોય છે.

એ રીતે, ૯ પ્રકારના જ્ઞાનમાંથી ક્યા જ્ઞાન કોને હોય તે બતાવ્યું. હવે, તેના પ્રત્યક્ષ અને પરોક્ષપણાનું વર્ણન કરશે. તેમાં 'સ્વરૂપપ્રત્યક્ષ' જ્ઞાનની અદ્ભુત વાત આવશે.

[આ ગાથાઓના જે છ વિષય ઉપર કહ્યા હતાં તેમાંથી બીજો વિષય અહીં પૂરો થયો.]

"અહીં (ઉપર કહેલા જ્ઞાનોને વિષે) સહજજ્ઞાન, શુદ્ધ અંતઃતત્ત્વરૂપ પરમતત્ત્વમાં વ્યાપક હોવાથી, સ્વરૂપપ્રત્યક્ષ (સ્વભાવે પ્રત્યક્ષ) છે. કેવળજ્ઞાન સકલપ્રત્યક્ષ (સંપૂર્ણ પ્રત્યક્ષ) છે."

પહેલાં જે 'કારણસ્વભાવજ્ઞાન' કહ્યું તે 'સહજજ્ઞાન' છે, આત્માના શુદ્ધ અંતઃ-સ્વરૂપમાં તે સદાય રહેલું છે તેથી તે 'સ્વરૂપપ્રત્યક્ષ' છે. આનો પરમ મહિમા બતાવતાં આગળ ટીકાકાર કહેશે કે **આ સહજજ્ઞાન મોક્ષનું** મૂળ છે, તે ઉપાદેયરૂપ છે અને તે સહજજ્ઞાનના વિલાસરૂપે આત્માને ભાવવો!

અહીં સહજજ્ઞાનને 'સ્વરૂપપ્રત્યક્ષ' કહીને વર્ણવ્યું છે—તે આ 'નિયમસાર'ની ખાસ વિશેષતા છે.

કોઈ એમ સમજે કે આ 'સ્વરૂપપ્રત્યક્ષ' કહ્યું તે કેવળજ્ઞાનનું વિશેષણ છે–તો એમ નથી. કેવળજ્ઞાનને 'સકલપ્રત્યક્ષ' કહીને જુદું પાડ્યું છે.

આ સ્વરૂપપ્રત્યક્ષ સહજજ્ઞાન આત્મામાં સદાય વર્તે છે તે પરમ આદરણીય છે.

ત્રણ (કુમતિ વગેરે) અજ્ઞાન તો છોડવા જ જેવા છે. ચાર (સમ્યક્‌મતિ વગેરે) સમ્યગ્જ્ઞાન પણ આશ્રય કરવાયોગ્ય નથી કેમકે તે અધૂરા જ્ઞાનના આશ્રયે પુરું જ્ઞાન થતું નથી અને કેવળજ્ઞાન તો સાધકને છે નહિ તેથી તેનો પણ આશ્રય થતો નથી.

સાધકને આદરવા યોગ્ય તો પરમસ્વભાવરૂપ સહજજ્ઞાન છે તે જ્ઞાન સ્વરૂપપ્રત્યક્ષપણે ત્રિકાળ વર્તે છે ને તેનો આશ્રય કરતાં કેવળજ્ઞાન પ્રગટે છે. આ રીતે કેવળજ્ઞાનના ધ્રુવકારણરૂપ એવું આ 'સહજસ્વરૂપપ્રત્યક્ષજ્ઞાન' જ આદરવા જેવું છે. આ જ્ઞાન શુદ્ધ અંતઃતત્ત્વમાં સદા વ્યાપક છે. તેનામાં કદી અશુદ્ધતા કે આવરણ નથી તેમજ તેનો કદી વિરહ નથી.

કેવળજ્ઞાન તો એક સાથે સકલ પદાર્થોને પ્રત્યક્ષ જાણનારું હોવાથી સકલ પ્રત્યક્ષ છે; તથા સહજજ્ઞાન આત્મસ્વરૂપમાં સદાય રહેલું હોવાથી સ્વરૂપપ્રત્યક્ષ છે. આ સ્વરૂપપ્રત્યક્ષ તે સકલપ્રત્યક્ષનું કારણ છે. તેથી તેને 'કારણસ્વભાવજ્ઞાન' અથવા તો 'જ્ઞાનની કારણશુદ્ધપર્યાય' પણ કહેવાય છે.

શ્રોતા :—આ સ્વરૂપપ્રત્યક્ષજ્ઞાન તો શ્રી કેવળી ભગવાનને જ હોય ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ના; આ સ્વરૂપપ્રત્યક્ષજ્ઞાન તો બધાય જીવોમાં ત્રિકાળ રહેલું છે. અજ્ઞાનદશામાં પણ આ સ્વરૂપપ્રત્યક્ષજ્ઞાન રહેલું તો છે પણ તેનું અજ્ઞાનીને ભાન નથી એટલે તેનું કાર્ય પ્રગટતું નથી. સાધકને તેનું ભાન છે. કેવળજ્ઞાન થયા પહેલાં પણ તેને પ્રતીત થઈ ગઈ છે કે કેવળજ્ઞાનના કારણરૂપ જ્ઞાન મારામાં વર્તી જ રહ્યું છે; તે કારણજ્ઞાનના આશ્રયે જ મારું કેવળજ્ઞાનરૂપ કાર્ય થશે. એ સિવાય, બીજું કોઈ મારા કેવળજ્ઞાનનું કારણ નથી.

આ સહજસ્વભાવરૂપ સ્વરૂપપ્રત્યક્ષજ્ઞાન તે અંતર્દૃષ્ટિનો વિષય છે, તે સમકિતીને જ પ્રતીતમાં આવે છે.

'આ (સહજજ્ઞાન)ને સ્વરૂપપ્રત્યક્ષ કહેવાય'—એવા નામની ખબર કદાચ સમકિતીને ભલે ન હોય પણ અંતર્મુખ વેદન થઈને જે પ્રતીતિ તેને થઈ તેમાં આ સ્વરૂપપ્રત્યક્ષની પ્રતીતિ

પણ ભેગી આવી જ ગઈ છે. આ સ્વરૂપપ્રત્યક્ષજ્ઞાન આત્માથી કાંઈ જુદું નથી પણ તે આત્માનો જ સ્વભાવ છે, એટલે આત્મસ્વભાવની પ્રતીતમાં તે પણ આવી જાય છે.

જેમ લીંડીપીપરનો તીખો સ્વાદ છે ને ચોસઠપહોરી તીખાશ પ્રગટે તે તેનું પૂરું કાર્ય છે; તે કાર્ય પ્રગટ્યા પહેલાં પણ ચોસઠપહોરી તીખાશ પ્રગટવાના કારણરૂપ એક સ્વભાવ તેનામાં વર્તમાન વર્તે છે. આત્માનો જ્ઞાન સ્વભાવ છે ને કેવળજ્ઞાન પ્રગટે તે તેનું પૂરું કાર્ય છે; તે કાર્ય પ્રગટ્યા પહેલાં પણ કેવળજ્ઞાન પ્રગટવાના કારણરૂપ સ્વભાવજ્ઞાન વર્તમાન વર્તે છે, તે સહજ છે, સ્વરૂપપ્રત્યક્ષ છે.

મતિ–શ્રુતજ્ઞાનને સ્વસંવેદનપ્રત્યક્ષ કહેવાય છે–તે આ વાત નથી. આ તો સ્વરૂપપ્રત્યક્ષની વાત છે.

મતિ–શ્રુતજ્ઞાન જ્યારે અંતર્મુખ થઈને આત્માનું વેદન કરે છે ત્યારે ઈન્દ્રિય વગેરેનું અવલંબન છૂટી ગયું છે, તેથી સ્વસંવેદનમાં તે મતિ–શ્રુતજ્ઞાનને પણ પ્રત્યક્ષ કહ્યા છે, તે ક્ષાયોપશમિકભાવે છે. કેવળજ્ઞાન સકલપ્રત્યક્ષ છે, તે ક્ષાયિકભાવે છે અને સહજજ્ઞાન સ્વરૂપપ્રત્યક્ષ છે તે પારિણામિકભાવે છે. જ્ઞાનમાં ઉપશમ કે ઉદયભાવ હોતો નથી.

સહજસ્વરૂપપ્રત્યક્ષજ્ઞાન સદાય પારિણામિકભાવે રહેલું છે એટલે તે જાણવાનું કાર્ય નથી કરતું, તે કાર્યરૂપ નથી પણ કારણરૂપ છે. કારણરૂપે તેનામાં પૂરું સામર્થ્ય છે અને તેના આશ્રયે પુરું કાર્ય (કેવળજ્ઞાન) પ્રગટી જાય છે, તે સ્વ-પરને જાણવાનું કાર્ય કરે છે.

જેનામાં કારણરૂપે પુરું સામર્થ્ય છે એવું સ્વરૂપપ્રત્યક્ષજ્ઞાન તો બધા જીવોમાં છે પણ તેનો જે સ્વીકાર કરે તેને સમ્યગ્જ્ઞાન થઈને અનુક્રમે તેના જ આશ્રયે સકલપ્રત્યક્ષ એવું કેવળજ્ઞાન થાય છે.

જેને પોતાના આવા જ્ઞાન-સામર્થ્યનું ભાન નથી ને ઈન્દ્રિયોને જ પોતાના જ્ઞાનના સાધન તરીકે સ્વીકારે છે તે મૂઢપ્રાણી, એકલા ઈન્દ્રિયજ્ઞાનરૂપ મિથ્યાજ્ઞાન વડે, સંસારમાં જ રખડે છે.

આ સ્વરૂપપ્રત્યક્ષજ્ઞાનના સ્વીકાર વડે મોક્ષ થાય છે, તેથી તે જ્ઞાન મોક્ષનું મૂળ છે.

દસમી ગાથામાં જેને 'કારણસ્વભાવજ્ઞાનોપયોગ' કહ્યો તેને જ અહીં 'સ્વરૂપપ્રત્યક્ષ સહજજ્ઞાન' કહ્યું છે. તે આત્માનો પરમસ્વભાવ છે ને મોક્ષનું મૂળ છે, તેથી તે ઉપાદેય છે.

કેવળજ્ઞાન તો નવું થાય છે. અત્યારે સાધકદશામાં તો તેનો વિરહ છે, તેથી તે

સ્વરૂપપ્રત્યક્ષ નથી. સહજજ્ઞાન તો આત્મામાં ત્રિકાળ અવિચ્છિન્નપણે રહેલું છે. તેનો કદી વિરહ નથી, તેથી તે સ્વરૂપપ્રત્યક્ષ છે.

અહીં, આત્માના જ્ઞાનસ્વભાવનો પરમપારિણામિકભાવ બતાવવો છે. જેમ ધર્માસ્તિકાય, આકાશ વગેરે ત્રિકાળ પારિણામિકભાવે વર્તે છે તેમ આત્માના જ્ઞાનાદિ સ્વભાવો પણ ત્રિકાળ પારિણામિકભાવે વર્તે છે. કર્મની (–ઔદયિક, ક્ષાયોપશમિક, ઔપશમિક અને ક્ષાયિકની) અપેક્ષાવાળા જે ચાર ભાવો છે તે વ્યવહારનયના વિષયો છે. પારિણામિકભાવ તે નિશ્ચયનયનો વિષય છે. જ્ઞાનનો જે પરમપારિણામિકસ્વભાવ છે તે જ કેવળજ્ઞાનનો આધાર છે.

અહીં જ્ઞાનગુણની વાત કરી તે પ્રમાણે શ્રદ્ધા, આનંદ વગેરે બધા ગુણોમાં પણ સમજી લેવું. આગળ ૧૫મી ગાથામાં આખા દ્રવ્યના પારિણામિકભાવરૂપ 'કારણશુદ્ધ-પર્યાય'ની વાત આવશે. તે શુદ્ધકાર્ય પ્રગટવાનું મૂળ કારણ હોવાથી ટીકાકાર મુનિરાજ તેને 'પૂજ્ય પરિણતિ' કહેશે.

જોકે સમ્યગ્દર્શન અને કેવળજ્ઞાન વગેરે પરિણતિ પ્રગટે તે પણ પૂજ્ય છે પરંતુ અહીં તો આત્માની સાથે સદાય વર્તતી પૂજ્ય પરિણતિની વાત છે એટલે પારિણામિકભાવે વર્તતી પરિણતિની વાત છે.

જ્ઞાનની પારિણામિકભાવે વર્તતી સહજ પરિણતિ તો સ્વરૂપપ્રત્યક્ષ છે અને કેવળજ્ઞાન તે સકલપ્રત્યક્ષ છે. આ પ્રમાણે બે જ્ઞાનોની વાત કરી. હવે, બાકીના જ્ઞાનોમાં પ્રત્યક્ષ-પરોક્ષપણું ક્યા પ્રકારે છે તે કહે છે.

''रूपिष्ववधेः' (અવધિજ્ઞાનનો વિષય–સંબંધરૂપી દ્રવ્યોમાં છે)' એવું (આગમનું) વચન હોવાથી અવધિજ્ઞાન વિકલપ્રત્યક્ષ (એકદેશપ્રત્યક્ષ) છે, તેના અનંતમા ભાગે વસ્તુના અંશનું ગ્રાહક (જાણનારું) હોવાથી મનઃપર્યયજ્ઞાન પણ વિકલપ્રત્યક્ષ છે. મતિજ્ઞાન ને શ્રુતજ્ઞાન બંને પરમાર્થથી પરોક્ષ છે અને વ્યવહારથી પ્રત્યક્ષ છે.

''रूपिष्ववधेः'' એવું સૂત્રનું વચન હોવાથી અવધિજ્ઞાન વિકલપ્રત્યક્ષ છે અર્થાત્ તે રૂપી પદાર્થોને જ પ્રત્યક્ષ જાણે છે અને મનઃપર્યાયજ્ઞાન પણ તેના અનંતમા ભાગે વસ્તુને જાણનારું હોવાથી વિકલપ્રત્યક્ષ છે. સાધકનો ઉપયોગ જ્યારે આત્મા તરફ હોય છે ત્યારે તેને મતિ–શ્રુતજ્ઞાન હોય છે; અવધિ કે મનઃપર્યયજ્ઞાનનો વેપાર તે વખતે હોતો નથી. અવધિ અને મનઃપર્યયજ્ઞાન તો પરવિષયોને જ જાણે છે અને તેમાં પણ રૂપી પદાર્થોને

જ જાણે છે. મનઃપર્યયજ્ઞાન જોકે મનઃસંબંધી સૂક્ષ્મ પરિણામોને પણ પ્રત્યક્ષ જાણે છે પરંતુ પરિણામો રૂપી–મનના સંબંધવાળા હોવાથી અહીં તેમને મૂર્ત ગણવામાં આવ્યા છે.

આ રીતે, અવધિ અને મનઃપર્યયજ્ઞાન એક અંશે પ્રત્યક્ષ છે. મનઃપર્યયજ્ઞાન તો ઉત્તમ મુનિઓને જ હોય છે, તેનું ઘણું સામર્થ્ય છે છતાં તે પણ એકદેશપ્રત્યક્ષ છે. કેવળજ્ઞાન સકલપ્રત્યક્ષ છે ને અવધિ–મનઃપર્યયજ્ઞાન વિકલપ્રત્યક્ષ છે. મનઃપર્યયજ્ઞાનનો વિષય અવધિજ્ઞાન કરતાં થોડો છે પરંતુ અવધિજ્ઞાન કરતા અનંતગણી સૂક્ષ્મતાને પણ તે જાણી શકે છે.

"મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન બંને પરમાર્થથી પરોક્ષ છે અને વ્યવહારથી પ્રત્યક્ષ છે." અહીં, પરવિષયની અપેક્ષાએ મતિ–શ્રુતજ્ઞાનને પરોક્ષ કહ્યાં છે એમ સમજવું. સ્વવિષયની અપેક્ષાએ તો મતિ–શ્રુતજ્ઞાન પણ ખરેખર પ્રત્યક્ષ છે. પરવિષયોને ઈન્દ્રિય અને મનના અવલંબન પૂર્વક અસ્પષ્ટ જાણે છે, તેથી તે જ્ઞાનને પરોક્ષ કહ્યાં છે અને વ્યવહારથી 'ઈન્દ્રિય પ્રત્યક્ષ' જાણે છે, તે અપેક્ષાએ વ્યવહારે પ્રત્યક્ષ કહ્યાં છે. ઈન્દ્રિય દ્વારા જે પ્રત્યક્ષ થયું, તે ખરેખર પ્રત્યક્ષ નથી પણ પરોક્ષ જ છે. તેથી, નિશ્ચયથી તે મતિ–શ્રુતજ્ઞાન પરને પરોક્ષ જ જાણે છે ને સ્વવિષયને 'સ્વસંવેદન પ્રત્યક્ષ' જાણે છે. સ્વવિષયને જાણવામાં ઈન્દ્રિયોનું ને મનનું અવલંબન નથી.

સમ્યગ્દર્શન-જ્ઞાન થતી વખતે મતિ–શ્રુતજ્ઞાનમાં આત્માનું જે સ્વસંવેદન થાય છે તેને પ્રત્યક્ષ કહેવાય છે. આત્મ-વેદનમાં તો સમકિતીના મતિ–શ્રુતજ્ઞાન પણ અતીન્દ્રિય છે, પ્રત્યક્ષ છે. નિર્વિકલ્પ અનુભવમાં મતિ–શ્રુતજ્ઞાન વડે આત્માનું પ્રત્યક્ષ સ્વસંવેદન થયા વગર સમ્યગ્દર્શન થાય નહિ.

ચોથા ગુણસ્થાને ગૃહસ્થદશામાં રહેલા અવિરત સમ્યગ્દૃષ્ટિને પણ નિર્વિકલ્પ અનુભવરૂપ સ્વસંવેદન-દશામાં મતિ–શ્રુતજ્ઞાન પ્રત્યક્ષ છે. શ્રી 'પંચાધ્યાયી' વગેરેમાં પણ આ વાત સ્પષ્ટ કરી છે.

મતિ–શ્રુતજ્ઞાન પરવિષયોને જાણવામાં ઈન્દ્રિયો ને મનના અવલંબનપૂર્વક પ્રવર્તે છે ને તે અસ્પષ્ટ જાણે છે, તેથી તેને પરોક્ષ કહેલ છે. ત્યાં, ઈન્દ્રિયોને લીધે જ તે જ્ઞાન થવાનું અજ્ઞાની જીવ માની લ્યે છે, તેની એ માન્યતાનું બહુ સરસ યુક્તિથી શ્રી 'જયધવલા'માં શ્રી વીરસેનસ્વામીએ ખંડન કરી નાખ્યું છે. ત્યાં તો કહે છે કે જો ઈન્દ્રિયોથી જ્ઞાનની ઉત્પત્તિ થવાનું માનશો તો આત્માના અભાવનો પ્રસંગ આવશે.

શંકાકાર કહે છે કે ઇન્દ્રિયોથી ઉત્પન્ન થવાના કારણે મતિજ્ઞાન વગેરેને કેવળજ્ઞાન કહી શકાતું નથી.

તેના સમાધાનમાં કહે છે કે એમ નથી. મતિજ્ઞાનાદિ ઇન્દ્રિયોથી ઉત્પન્ન થતા નથી પણ સામાન્યજ્ઞાનમાંથી તે વિશેષ આવે છે. જો જ્ઞાન ઇન્દ્રિયોથી ઉત્પન્ન થાય છે એમ માની લેવામાં આવે તો ઇન્દ્રિય-વ્યાપારની પહેલાં જીવના ગુણસ્વરૂપ જ્ઞાનનો અભાવ થઈ જવાથી ગુણી એવા જીવના પણ અભાવનો પ્રસંગ આવે છે.

ત્યારે ફરીને શંકાકાર દલીલ કરે છે કે ઇન્દ્રિય વ્યાપારની પહેલાં જીવમાં જ્ઞાન સામાન્ય રહે છે, જ્ઞાનવિશેષ નહિ. જ્ઞાનવિશેષ તો ઇન્દ્રિયના વેપાર દ્વારા થાય છે. આ રીતે જીવનો અભાવ થતો નથી.

તેના સમાધાનમાં કહે છે કે એમ પણ નથી કેમકે જ્ઞાનસામાન્યથી જ્ઞાનવિશેષ જુદું નથી. જીવનો જ્ઞાનસ્વભાવ પોતે જ વિશેષરૂપે પરિણમીને વિશેષજ્ઞાન થાય છે. ઇન્દ્રિયને લીધે વિશેષજ્ઞાન થતું નથી.

શ્રી 'કષાય પ્રાભૃત'માં પ્રકરણ તો કેવળ જ્ઞાનની સિદ્ધિનું છે. મતિજ્ઞાનરૂપ અંશ પ્રત્યક્ષ છે, તેના ઉપરથી કેવળજ્ઞાનની સિદ્ધિ કરી છે. ત્યાં અંતરની અલૌકિક યુક્તિ આપીને શ્રી આચાર્યભગવાન કેવળજ્ઞાનને સિદ્ધ કરતાં કહે છે કે કેવળજ્ઞાન અસિદ્ધ છે એમ નથી; કેમકે સ્વસંવેદન-પ્રત્યક્ષ દ્વારા કેવળજ્ઞાનના અંશરૂપ જ્ઞાનની નિર્બાધરૂપે ઉપલબ્ધિ થાય છે. મતિ–શ્રુતજ્ઞાન તે કેવળજ્ઞાનના અંશરૂપ છે ને તેની ઉપલબ્ધિ સ્વસંવેદન-પ્રત્યક્ષથી બધાને થાય છે; માટે કેવળજ્ઞાનના અંશરૂપ અવયવ પ્રત્યક્ષ હોતાં કેવળજ્ઞાનરૂપ અવયવીને પરોક્ષ કહેવો તે યુક્ત નથી; કેમકે એમ માનતાં, ચક્ષુ દ્વારા જેનો એક ભાગ પ્રત્યક્ષ જોવામાં આવે છે એવા થાંભલાની પણ પરોક્ષતાનો પ્રસંગ આવી જાય છે.

અહો! મતિજ્ઞાનના સ્વસંવેદનમાં કેવળજ્ઞાનનો વિરહ નથી. મતિજ્ઞાનની સંધિ કેવળજ્ઞાન સાથે છે. મતિજ્ઞાન સ્વસંવેદન પ્રત્યક્ષ થયું ત્યાં કેવળજ્ઞાન પણ પ્રત્યક્ષ થઈ ગયું.

જુઓ! આ સંતોની વાણી!! સંતોએ પંચમકાળે કેવળજ્ઞાનના વિરહ ભુલાવી દીધા છે!

મતિ–શ્રુતજ્ઞાનને પરોક્ષ કહ્યા છતાં તે જ્ઞાન પણ કાંઈ ઇન્દ્રિયોથી થતા નથી; તે જ્ઞાન પણ પોતાથી જ થાય છે.

જુઓ! વ્યંજન અવગ્રહ તે મતિજ્ઞાનનો નાનામાં નાનો પ્રકાર છે, તે પણ પોતાથી

જ થાય છે; ઇન્દ્રિયોથી કે શબ્દોથી જ્ઞાન થાય એ વાત તો ક્યાંય ગઈ! તે તો સ્થૂળ ભૂલ છે.

અહીં તો એકદમ અંતરના ઊંડાણની વાત છે. 'જ્ઞાનનું મૂળ કારણ શું છે' તે અહીં બતાવવું છે....કેવળજ્ઞાનનું મૂળિયું બતાવ્યું છે.

અહો! પરિપૂર્ણ સામર્થ્યરૂપે સદાય વર્તતું સ્વરૂપપ્રત્યક્ષજ્ઞાન જ મારા કેવળજ્ઞાનનું કારણ છે-એમ જે જાણે તે ઇન્દ્રિય વગેરેને પોતાના જ્ઞાનનું કારણ માને નહિ એટલે તેને પરોક્ષપણું ટળીને સ્વરૂપપ્રત્યક્ષના આધારે સકલપ્રત્યક્ષ એવું કેવળજ્ઞાન પ્રગટી જાય.

આ રીતે, જ્ઞાનના પ્રત્યક્ષ અને પરોક્ષપણાનું વર્ણન કર્યું. હવે જ્ઞાનોમાંથી ક્યું જ્ઞાન આદરણીય છે—તે કહેશે. (ક્રમશઃ)

(અનુસંધાન પેજ ૨૧થી ચાલુ)

માટે, હે મુમુક્ષુઓ! કાં તો શુદ્ધ દ્રવ્યનો આશ્રય કરીને અથવા તો વીતરાગી ચારિત્રનો આશ્રય કરીને મોક્ષમાર્ગમાં આરોહણ કરો.

જેમણે પોતાના ચૈતન્યતત્ત્વને જાણ્યું છે ને પોતાના જ્ઞાનને ચૈતન્યતત્ત્વની ભાવનામાં લીન કર્યું છે એવા સંતો-મુનિઓ અંતર્સ્વભાવના સંયમમાં સાવધાન છે અને તેમને તે વીતરાગી સંયમ દુઃખમય એવા મરણના નાશનું કારણ છે. યાતનાશીલ જે યમ તેનો સંયમ નાશ કરે છે એટલે કે મુનિવરોનો સંયમ મરણને મારી નાંખનાર છે ને જન્મ-મરણરહિત એવી સિદ્ધદશાનું કારણ છે. જેને સંયમ પ્રગટે તેના જન્મ-મરણનો નાશ થઈ જાય છે. માટે, હે જીવ! જો તારે શાંતિ જોઈતી હોય તો આવી મુનિદશા પ્રગટ કર્યે છૂટકો છે. યતિ-મુનિવરો પોતાના સંયમમાં યત્નશીલ વર્તતા થકા યાતનામય યમનો નાશ કરે છે.

જેઓ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચૈતન્યના શરણે વીતરાગી સંયમ પ્રગટ કરે છે તેમને ફરીને બીજી માતાના પેટે અવતાર થતો નથી. તેમને દુઃખમય મરણનો નાશ થઈને મુક્તિ થઈ જાય છે.

માટે, હે જીવો! જો મરણથી બચવું હોય ને આત્માની શાંતિ જોઈતી હોય તો ચૈતન્યનું શરણ ગ્રહો.

* * *

# સંતોએ પરમેશ્વરના પેટ ખોલી નાખ્યા છે

[શ્રી નાટક સમયસાર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન]

(સળંગ પ્રવચન નં. ૧૨૨)

આ અધિકારમાં કર્તા-કર્મની ઘણી સ્પષ્ટતા લીધી છે. જો કે આગળ કર્તા-કર્મ અધિકારમાં સ્પષ્ટતા આવી ગઈ છે તો પણ આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં કર્તા-કર્મની વાત લીધી છે કેમ કે અનાદિથી જીવને કર્તા-કર્મમાં ભૂલ પડી છે.

શું શું ભૂલ પડી છે?–કે ઈશ્વર આત્માનો કર્તા છે અથવા આત્મા પરનો કર્તા છે અથવા આત્મા પુણ્ય-પાપનો કર્તા છે–એ બધી મિથ્યાદષ્ટિની માન્યતાની ભૂલો છે.

૧૦મા કળશનું ૧૫મુ પદ્ય લેવાનું છે.

અજ્ઞાની જીવ અશુભભાવોનો કર્તા હોવાથી ભાવકર્મનો કર્તા છે.

जो दुरमती विकल अग्यानी।
जिन्ही सु रीति पर रीति न जानी॥
माया मगन भरमके भरता।
ते जिय भाव करमके करता॥१५॥

અર્થ :–જે દુર્બુદ્ધિથી વ્યાકુળ અને અજ્ઞાની છે તેઓ નિજપરિણતિ અને પર-પરિણતિને જાણતા નથી, માયામાં મગ્ન છે અને ભ્રમમાં ભૂલેલા છે તેથી તેઓ ભાવકર્મના કર્તા છે.

જે દુરમતી વિકલ અગ્યાની। ચૈતન્ય ભગવાન અનાદિ-અનંત જ્ઞાન અને આનંદસ્વભાવથી ભરેલા પ્રભુ છે, એવી પ્રભુતાનું જેને ભાન નથી અને પુણ્ય-પાપભાવમાં પોતાની પ્રભુતા જેણે માની લીધી છે એવા દુર્બુદ્ધિ-વિકળ-વ્યાકુળ ચિત્તે અજ્ઞાની જીવ દુઃખથી વ્યાકુળ થઈને પુણ્ય-પાપના કર્તા થાય છે. પોતાનો ચૈતન્યસ્વભાવ પરપરિણતિથી ભિન્ન શુદ્ધ નિર્મળ છે એ તો જાણતા નથી; વિકારની મેલી પરિણતી અશુદ્ધ છે, મારો સ્વભાવ નથી એમ તો જાણતા નથી, તેથી અજ્ઞાની તેનો કર્તા થાય છે.

નિજ-પરિણતિ અને પર-પરિણતિનું તેને ભેદજ્ઞાન નથી. ભગવાન આત્મા તો શુદ્ધ

જ્ઞાનાનંદસ્વરૂપ છે. જ્ઞાન અને આનંદની પરિણતિ એ નિજ પરિણતિ છે અને પુણ્ય-પાપના અશુદ્ધભાવ છે તે પર-પરિણતિ છે, પોતાની નથી. સમ્યગ્જ્ઞાની તો પોતાના શુદ્ધસ્વરૂપની શુદ્ધપરિણતિને જ પોતાની ચીજ માને છે, અશુદ્ધ પરિણતિથી તો જ્ઞાની મુક્ત છે. જેની દૃષ્ટિ પવિત્ર દ્રવ્ય ઉપર છે તેની પરિણતિ પણ શુદ્ધ હોય છે પણ જેને એવું ભાન નથી કે હું શુદ્ધદ્રવ્ય છું અને મારી પરિણતિ શુદ્ધ હોવી જોઈએ તેને શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિ અને પરિણતિનો તો અભાવ છે અને અશુદ્ધ પરિણતિ થઈ રહી છે. તેથી અશુદ્ધ પરિણતિમાં જે પોતાનું અસ્તિત્વ માને છે તેને જ પર્યાયબુદ્ધિ–મિથ્યાદૃષ્ટિ કહે છે.

સ્વભાવના ભાન વગરની શુભાશુભ પરિણતિ તો પર-રીતિ છે. શરીર, વાણી, દેશ, કુટુંબ તો પર છે જ પણ શુભ-અશુભભાવની અવસ્થા પણ પર છે, નિજી ચીજ નથી.

माया मगन भरमके भरता। માયા એટલે જે વસ્તુમાં નથી એવા પુણ્ય-પાપમાં જે મગન છે. અન્યમતી કહે છે ને! 'માયા એટલે યામા–એ નથી' પણ તે ક્યાં નથી? આત્મામાં માયા નથી પણ માયામાં માયા છે. અશુદ્ધતા નથી એમ નથી. અશુદ્ધતા ન હોય તો શુદ્ધતા ઉપર દૃષ્ટિ કરવાનો પ્રસંગ નહિ આવે. અલૌકિક વાત છે ભાઈ! જૈનદર્શન કોઈ અલૌકિક છે, તેને અંદરમાં સમજવામાં અપૂર્વ પુરુષાર્થ છે.

સવારે આવ્યું હતું કે ચૈતન્ય મહાપ્રભુ તરફ પરમ-પુરુષાર્થપરાયણ જ્ઞાનીને રાગનો પુરુષાર્થ હોતો નથી. 'વીર્ય જ તેને કહેવાય કે પોતાના નિર્મળ સ્વભાવની રચના કરે.' ૪૭ શક્તિમાં આ છઠ્ઠી 'વીર્યશક્તિ' છે. દેશ, કુટુંબ, શરીર, વાણીની રચના કરે તે તો વીર્ય નથી પણ પુણ્ય-પાપની રચના કરે તે પણ વીર્ય નથી, એ તો નપુંસકવીર્ય છે. તેથી અહીં કહ્યું કે માયાની રચના કરવી તે નપુંસકતા છે અને રાગ-માયા મારી ચીજ છે એમ માનવું એ તો મિથ્યાભાવ છે. કેમ કે આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે, તે સિવાય રાગથી લઈને બધા ભાવો અજ્ઞાનમય છે અર્થાત્ તેનામાં જ્ઞાન નથી. તેથી જેને જ્ઞાનમયભાવનો સ્વીકાર નથી તે તો રાગમાં મગન છે અને ભ્રમના ભરતા એટલે કે મિથ્યાત્વને પોષે છે. તેથી એ તો ભ્રમણાનો સ્વામી છે, ચૈતન્યનો સ્વામી નથી.

મારગ તો બહુ સૂક્ષ્મ છે ભાઈ! અંતરમુખ દૃષ્ટિ હોય તો જ પરમાનંદસ્વભાવની દૃષ્ટિ અને અનુભવ થઈ શકે. અંતરમુખદૃષ્ટિ તો અજ્ઞાનીને અનાદિથી નથી, એ તો રાગમાં મગન છે અને ભ્રમણાનો સ્વામી છે–મિથ્યાત્વનો સ્વામી છે. એવા જીવો તો એમ કહે છે કે આ કાનજીસ્વામીએ તો નવો પંથ કાઢ્યો છે. અરે ભગવાન! આ મારગ તો અનાદિનો છે. વીતરાગે કહેલો આ માર્ગ કાંઈ નવો નથી પણ પોતાને આ માર્ગ સમજાણો

નથી અને બીજી રીતે સમજી લીધું છે તેથી આ માર્ગ નવો લાગે છે પણ નવો નથી ભગવાન! અનાદિથી તીર્થંકરો, કેવળીઓ, મુનિઓ, સંતો કહેતા આવ્યા છે એ આ મારગ છે. પણ અત્યારે અહીં સિવાય ક્યાંય આ વાત નથી તેથી લોકોને નવું લાગે છે. સંપ્રદાયમાં તો જીવો ક્રિયામાં મગ્ન છે. શ્લોકમાં वराकाः શબ્દ આચાર્યદેવે વાપર્યો છે ને! અજ્ઞાનમાં લીન જીવો વરાકા એટલે ગરીબ છે-દરિદ્ર છે, તેને પોતાની બાદશાહીનું ભાન નથી. अज्ञानमग्नमहसो वत ते वराकाः । ખેદ છે કે આ ચૈતન્યઆનંદકંદના પ્રકાશથી ખાલી-અજ્ઞાની જીવો અજ્ઞાનમાં મગ્ન છે. અમૃતચંદ્રાચાર્યદેવે ૯૦૦ વર્ષ પેલા આ ટીકા બનાવીને ગજબ કામ કર્યા છે. પરમેશ્વરના પેટ ખોલી દીધા છે પણ લોકો સમજતા નથી. પોતાની કલ્પનાથી વાંચે છે એટલે સમજમાં આવતું નથી. स्वभावनियमं कलयन्ति न....સ્વભાવના નિયમનો અનુભવ કરતા નથી.

અરે! હું શુદ્ધ ચૈતન્ય છું. પૂર્ણ પવિત્રતા એ મારી અસ્તિ છે. વિભાવની મારામાં નાસ્તિ છે. રાગાદિનો મારામાં ત્રિકાળ અભાવ છે કેમ કે આસ્રવતત્ત્વ મારાથી ભિન્ન તત્ત્વ છે, તેથી સ્વતત્ત્વમાં તેનો અભાવ છે.

લોકોને આ સૂક્ષ્મ લાગે કેમકે સંપ્રદાયમાં વ્રત, ભક્તિ, પૂજા, તપ કરો એટલે તમારો મોક્ષ થઈ જશે એવી માન્યતાના રસ્તે લોકોને ચડાવી દીધા છે. સમ્યક્ત્વની તો ખબર નથી અને 'શત્રુંજયની જાત્રા કરો તો મોક્ષ થઈ જાય'....અરે! ભગવાન તો અઢી દ્વીપની કાંકરી...કાંકરીથી થયા છે. મનુષ્યક્ષેત્ર ૪૫ લાખ યોજનનું છે. તેમાંથી એક કાંકરી જેટલી જગ્યા પણ ખાલી નથી કે જ્યાંથી અનંત જીવ મોક્ષ ન ગયા હોય. યાત્રાનું કારણ જ એ છે કે જ્યાં જતાં ભગવાનની સ્મૃતિ થાય છે કે આ પરમાત્મા અહીંથી બરાબર ઉપર સિદ્ધાલયમાં બિરાજે છે. શત્રુંજય ઉપરથી પાંડવમાંથી ત્રણ-ધર્મરાજા, અર્જુન અને ભીમ-મોક્ષ ગયા છે. સહદેવ અને નકુલ સ્વર્ગમાં ગયા. આ ત્રણ ભગવાન શત્રુંજયની ઉપર જ બિરાજે છે કેમકે જ્યાં નિર્વાણ થયો હોય ત્યાં સમશ્રેણીએ ઉપર ભગવાન બિરાજતા હોય છે; તેથી, જાત્રામાં જવાનો હેતુ એ જ છે કે ત્યાં જઈને એ ભગવાનને સ્મરણમાં લેવા કે સર્વજ્ઞપદે પ્રભુ મારા મસ્તક ઉપર સીધી લાઈનમાં મોક્ષમાં બિરાજે છે. સમ્મેદશિખર આદિ જે જે તીર્થક્ષેત્રથી તીર્થંકર મોક્ષ પામ્યા છે ત્યાં જ ઉપર સમશ્રેણીએ બિરાજે છે. સિદ્ધાલયમાં અનંત સિદ્ધ બિરાજે છે એક તસુમાત્ર જગ્યા ખાલી નથી. એ સિદ્ધ કરે છે કે નીચે એવી એક જગ્યા નથી કે જ્યાંથી અનંત જીવો સિદ્ધ થયા ન હોય.

મેરૂપર્વત ઉપરથી પણ અનંત સિદ્ધ થયાં છે. પર્વતના ત્રાંસા ભાગમાં તો કોઈ મુનિ

બેસી ન શકે છતાં તેની ઉપર પણ અનંત સિદ્ધ બિરાજે છે, તે કેવી રીતે?–કે મુનિ જ્યારે સાતમા ગુણસ્થાનમાં હોય ત્યારે તો કોઈ ઉપસર્ગ કરી ન શકે પણ છટ્ઠામાં–પ્રમત્તદશામાં હોય ત્યારે વૈરી દેવ આવીને મુનિના શરીરને પછાડે છે ત્યાં મુનિ અંતરમાં લીન થઈ જાય છે–આનંદકંદમાં જામી જાય છે અને કેવળજ્ઞાન પામે છે. દેહ નીચે પડી જાય છે અને આત્મા તે જ શ્રેણીમાં ઉપર સિદ્ધાલયમાં બિરાજમાન થઈ જાય છે. દેહ દેહના સ્થાને રહી ગયો અને આત્મા આત્મામાં એકાકાર થઈ ગયો. અહીં પણ મસ્તક ઉપર અનંત સિદ્ધ છે, ખાલી નથી.

અહીં કહે છે કે અજ્ઞાની ભ્રમણાનો સ્વામી છે અને જ્ઞાની આત્માના સ્વામી છે. રાગમાં મગ્ન છે તે ભ્રમણાનો સ્વામી છે અને આત્મામાં મગ્ન છે તે ચૈતન્યનો સ્વામી છે કેમ કે આત્મામાં એક 'સ્વ-સ્વામીસંબંધ' નામની શક્તિ અનાદિ-અનંત પડી છે. ૪૭ શક્તિમાં આ છેલ્લી છે. સ્વ પોતાનું દ્રવ્ય, સ્વ-ગુણો અને સ્વ-નિર્મળપર્યાય તેનો સ્વામી આત્મા એવો ગુણ અંદરમાં પડ્યો છે પણ અજ્ઞાનીને કોણ મારું સ્વ અને કોણ સ્વામી તેની ખબર નથી તેથી રાગ અને પુણ્ય તે મારું સ્વ અને હું તેનો સ્વામી છું–એમ માને છે. આવા જીવો રાગના સૂક્ષ્મ વિકલ્પના પ્રેમમાં પડેલા છે, ભ્રમણાના સ્વામી છે તે જ ભાવકર્મના કર્તા છે, રાગના–વિકલ્પના કર્તા અજ્ઞાની છે, જ્ઞાની કર્તા નથી.

આ રીતે અંદરમાં સમજવા માટે વાત છે હો! કોઈને કહેવા માટે કે કહેવામાત્ર વાત નથી.

माया मगन भरमके भरता ते जिय भावकरमके करता। જડદ્રવ્ય રાગનું કર્તા નથી, જ્ઞાની રાગના કર્તા નથી તો રાગના કર્તા કોણ છે?–કે અજ્ઞાની રાગના કર્તા છે કેમ કે તેને હું જ્ઞાન-આનંદની મૂર્તિ છું એવી ખબર નથી તેથી રાગમાં મગ્ન થઈને કર્તા થાય છે.

जे मिथ्यामति तिमिरसौं, लखै न जीव अजीव।
तेई भावित करमके, करता होंहिं सदीव॥१६॥
जे असुद्ध परनति धरैं, करैं अहं परवान।
ते असुद्ध परिनामके, करता होंहिं अजान॥१७॥

અર્થ :–જે મિથ્યાજ્ઞાનના અંધકારથી જીવ-અજીવને જાણતાં નથી તેઓ જ હંમેશા ભાવકર્મના કર્તા છે. જેઓ વિભાવપરિણતિને કારણે પરપદાર્થોમાં અહંબુદ્ધિ કરે છે તે અજ્ઞાની અશુદ્ધભાવોના કર્તા હોવાથી ભાવકર્મોના કર્તા છે.

જુઓ! કર્મના કારણે અજ્ઞાન અંધકાર છે એમ લખ્યું નથી, પોતાની વસ્તુને ભૂલીને 'અપનેકો આપ ભૂલકે, ભગવાન-આપ હેરાન હો ગયા.' મિથ્યાજ્ઞાનના અંધકારથી જીવ હેરાન થઈ ગયો છે. પોતાનો પ્રભુ ચૈતન્યનૂરના પ્રકાશનું પૂર છે તેની ખબર નથી, પોતાની ચીજની પ્રવિણતા નથી, પોતાની ચીજની પરીક્ષા નથી એવો મિથ્યામતિ અંધકારમાં પડ્યો છે, તેથી જીવ કે અજીવ કોઈને જાણતો નથી. અહીં રાગને પણ અજીવ કહ્યો છે કેમ કે એ જીવની જાત નથી. વ્યવહાર રત્નત્રયનો રાગ પણ જીવની જાતનો નથી માટે અજ્ઞાન છે. સમ્યગ્જ્ઞાન દીપિકામાં કહ્યું છે કે એક તરફ જ્ઞાનસ્વરૂપ ભગવાન અને બીજી તરફ રાગથી લઈને બધું અજ્ઞાન છે. આ જ્ઞાન જેમાં નથી તે બધું અજ્ઞાન છે.

અરે! હું તો ચૈતન્ય આનંદ છું. રાગાદિ તો અજીવ છે તેનો મારી વસ્તુમાં મિલાપ થઈ ન શકે. કળશટીકામાં તેને અણમળતા ભાવ કહ્યા છે. જીવ અને અજીવનું મિલાન ન થઈ શકે માટે અણગમતા ભાવ છે. ચૈતન્યપ્રકાશની પ્રભુતાથી રાગાદિ અજીવની પ્રભુતા જુદી છે પણ અજ્ઞાની તે બંનેની ભિન્નતા જાણતા નથી. અરે! હજુ તો પુનર્જન્મ છે? એમ પુછનારા છે. અરર! આર્ય માણસ થઈને એટલી ખબર નથી કે આત્માને બીજો ભવ છે...આત્માને રાગ છે...એ વાત નહિ પણ અહીં તો આત્મામાં આગળ જતાં ભવનો અને રાગનો અભાવ છે અને શુદ્ધિની ઉત્પત્તિ અને વૃદ્ધિ છે...એ વાત છે. ક્ષણે ક્ષણે શુદ્ધતાની વૃદ્ધિ એ મારો પુનર્જન્મ છે.

શ્રોતા :-આ તો આપે કોઈ જુદા જ પુનર્જન્મની વાત કરી. વાહ રે વાહ!

પૂજ્ય ગુરુદેવશ્રી :-આ તો શુદ્ધિની વૃદ્ધિની વાત કરી. ઓલો પુનર્જન્મ તો અજ્ઞાનીના જાતિસ્મરણથી પણ સિદ્ધ થાય છે. જાતિસ્મરણ જ્ઞાની-અજ્ઞાની બધાને થઈ શકે છે. અત્યારે જાતિસ્મરણના હજારો કેસ છે. અંગ્રેજીલોકોને પણ થાય છે. રાજુલનું દ્રષ્ટાંત તો અહીં સિદ્ધ થયેલું છે. ત્યાંથી (જુનાગઢથી) મરીને નવ મહિના અને સત્તર દિવસે તેનો અહીં જન્મ થયો છે. હજુ લોકોને 'હું ત્રિકાળી છું, મે અનંત અવતાર કર્યા છે' એવા વ્યવહારની પણ ખબર નથી. આર્યમાણસને આટલી પણ પ્રતીત નહિ!....અહીં તો ભગવાન-આર્યસ્વરૂપ-શુદ્ધ આનંદના ધામની અંતરમાં પ્રતીતિ થવી તેનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.

જે વસ્તુનો અનુભવ ન થયો હોય તેની શ્રદ્ધા ક્યાંથી થાય! માટે અનુભવ તો પ્રથમ ચીજ છે. સમયસારની ૧૭-૧૮ ગાથામાં આવ્યું છે કે જે વસ્તુ ખ્યાલમાં ન આવી

હોય તેની પ્રતીતિ તો સસલાના શીંગ જેવી છે. જે ચીજ દેખી નથી, અનુભવી નથી તેની પ્રતીતિ થઈ જ ન શકે.

શ્રોતા :—આપે કહ્યું માટે અમે માની લીધું તે પ્રતીતિ ન કહેવાય?

પૂજ્ય ગુરુદેવશ્રી :—એમ માન્યું એ માન્યું જ નથી. એ તો પેલા દ્રષ્ટાંત જેવું છે કે સ્કૂલમાં શિક્ષકે બોર્ડ ઉપર મચ્છર દોરીને બતાવ્યું હતું. લાંબા પગ દોરીને આ મચ્છર છે એમ સમજાવ્યું હતું. એકવાર ગામમાં હાથી આવ્યો તેને જોઈને વિદ્યાર્થી શિક્ષકને કહે કે જુઓ સાહેબ! તમે મચ્છર બતાવ્યો હતો એ જ આ ને! વાસ્તવિક મચ્છર જોયો નથી અને હાથીને જોયો નથી એની દશા આવી હોય. તેમ, વાસ્તવિક આત્મતત્ત્વને જાણ્યા વિના એ મનુષ્ય, દેવ, પશુ આદિને આત્મા માની લે છે, રાગને આત્મા માની લે છે પણ ભાઈ! એ આત્મા નથી. એ તો એમ સમજાવાય કે આ મનુષ્ય છે તે આત્મા છે, રાગ છે તે આત્મા છે પણ આત્મા રાગવાળો કે દેહવાળો નથી. આત્મા તો અખંડ ચૈતન્ય મહાસત્તા છે. ત્રિકાળ નિરાવરણ અખંડ એક શુદ્ધ ચૈતન્ય મહાસત્તા છે. તેનું વેદન કરવાવાળા–આનંદને વેદનારા તત્ત્વવેદી–નિજવેદી–સમકિતી જ તે આત્માને જાણે છે. ઓળખ્યા વગર માને તે યથાર્થ નથી.

અજ્ઞાની લખૈ ન જીવ-અજીવ...અજ્ઞાનીને ભાન નથી કે જીવ કોણ છે અને અજીવ કોણ છે! પુણ્ય-પાપના વિકલ્પ સર્વથા અજીવ છે, તેમાં ચૈતન્યનો અંશ છે જ નહિ. પણ અજ્ઞાન અંધકારને કારણે અજ્ઞાની જીવ કે અજીવ કોઈને જાણતો નથી, તેથી સદૈવ એ તો રાગનો કર્તા થાય છે. દર્શનમોહના કારણે નહિ પણ અજ્ઞાન અંધકારના કારણે અજ્ઞાની હંમેશા ભાવિત કર્મ એટલે રાગનો કર્તા થાય છે.

जे असुद्ध परनति धरैं, ભાષા જુઓ! જે અજ્ઞાની રાગાદિ પરિણતિને ધરે છે અને એ જ હું છું એમ અહં કરે છે, અસુદ્ધ પરિણતિ જે ઉદયભાવ–સંસારભાવ–વિકારભાવ–વિભાવભાવ–ઝેરભાવ–દુઃખરૂપભાવ એ જ હું છું એમ તેમાં પોતાપણું માને છે તે જીવ જ તે ભાવોનો કર્તા થાય છે. કેમ કે જે ચીજને પોતાની માને છે તેના જ કાર્યનો તે પોતાને કર્તા-ભોક્તા માને છે.

કર્તા-કર્મનો અધિકાર તો કુંદકુંદઆચાર્યદેવે બહુ લીધો...બહુ લીધો કેમ કે અનાદિથી એમા જ ભૂલપડી છે, એ મૂળભૂલ છે.

જેનું અસ્તિત્વ પોતાની દૃષ્ટિમાં આવ્યું તેનો જ પોતાને કર્તા-ભોક્તા માન્યો છે કેમ

કે પોતાનું જ્ઞાનાનંદમય અસ્તિત્વ તે તો અજ્ઞાનીની દૃષ્ટિમાં આવ્યું નથી, તેથી પર્યાયબુદ્ધિમાં તો રાગ અને પુણ્ય-પાપનું અસ્તિત્વ પોતાપણે જણાય છે. બીજી ગાથામાં આવ્યું છે ને! જ્ઞાનાનંદસ્વભાવમાં જે સ્થિત નથી તે રાગમાં સ્થિત થઈને પોતાનું અસ્તિત્વ માને છે.

હવે, આ વિષયમાં શિષ્ય પ્રશ્ન કરે છે :

शिष्य कहै प्रभु तुम कह्यौ, दुबिधि करमको रूप।
दरब कर्म पुदगल गई, भावकर्म चिद्रुप॥१८॥
करता दरवित करमकौ, जीव न होइ त्रिकाल।
अब यह भावित करम तुम, कहौ कौनकी चाल॥१९॥
करता याकौ कौन है, कौन करै फल भोग।
कै पुदगल कै आतमा, कै दुहुंकौ संजोग?॥२०॥

અર્થ :—શિષ્ય પ્રશ્ન કરે છે કે હે સ્વામી! આપે કહ્યું કે કર્મનું સ્વરૂપ બે પ્રકારનું છે. એક પુદ્‌ગલમય દ્રવ્યકર્મ છે અને બીજું ચૈતન્યના વિકારરૂપ ભાવકર્મ છે. આપે એમ પણ કહ્યું કે જીવ દ્રવ્યકર્મનો કર્તા કદી ત્રણકાળમાં થઈ શકતો નથી, તો હવે આપ કહો કે ભાવકર્મ કોની પરિણતિ છે? આ ભાવકર્મનો કર્તા કોણ છે? અને તેમના ફળનો ભોક્તા કોણ છે? ભાવકર્મોનો કર્તા-ભોક્તા પુદ્‌ગલ છે અથવા જીવ છે અથવા સંયોગથી કર્તા-ભોક્તા છે?

શિષ્ય કહે છે પ્રભુ! તમે કર્મના બે પ્રકાર કહ્યા છે. એક 'દ્રવ્યકર્મ' અને બીજું 'ભાવકર્મ'. તેમાં દ્રવ્યકર્મ તો જડ છે પણ ભાવકર્મ જડ નથી; તેમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નથી પણ તેમાં જ્ઞાનનો અભાવ હોવાથી તેને પણ અચેતન અથવા અજીવ કહેવામાં આવે છે. તે ભાવકર્મને આપે ચિદ્‌રૂપ અર્થાત્ જીવની દશારૂપ કહ્યા છે, પણ તે કાર્ય કોનું છે તે કહો?

જે પ્રમાણે જીવને મિથ્યાત્વ રાગ-દ્વેષ આદિ થાય છે એ જ પ્રમાણે કર્મની રચના થાય છે તો પણ જીવ તે દ્રવ્યકર્મનો કર્તા નથી તો પછી વેપાર-ધંધા, ખાવા-પીવા આદિ ક્રિયાનો કર્તા જીવ ક્યાંથી હોઈ શકે? માટે, આ શિષ્યે એટલું તો નક્કી કર્યું છે કે પરસત્તામાં મારો પ્રવેશ નથી. રજકણની પર્યાય મારામાં નથી, મારાથી થતી નથી, હું તેનો સ્વામી નથી. માટે, જડકર્મનો કર્તા તો હું નથી પણ આ ભાવકર્મ છે તે કોનું કાર્ય છે?

તેનો કર્તા કોણ છે? તે કોની ચાલ છે? ભાવકર્મને પુદ્‌ગલ કરે છે કે આત્મા કરે છે? કે બંનેનો સંયોગ છે? એમ શિષ્યનો પ્રશ્ન છે.

સમયસારની જયસેનાચાર્યની ટીકામાં કહ્યું છે તે બીજી વાત છે. ત્યાં કહ્યું છે કે 'પુત્ર' સ્ત્રી અને પુરુષ બંનેના સંયોગથી થયો છે માટે પુત્ર સ્ત્રીનો પણ છે અને પુરુષનો પણ છે તેમ 'રાગ' જીવ અને કર્મ બંનેના સંયોગથી થયો છે માટે જીવનો પણ છે અને કર્મનો પણ છે. ત્યાં નિશ્ચયથી વિકાર જીવનો છે અને વિકારમાં નિમિત્ત કર્મનું છે એમ બંનેનું જ્ઞાન કરાવ્યું છે પણ, જીવ અને કર્મ બંને મળીને વિકાર કરે છે—એમ તો ત્રણકાળમાં નથી.

ઘણાં વર્ષ–૫૫ વર્ષ પેલાં.....૭૧ની સાલમાં આ પ્રશ્ન પણ થયો હતો કે મહારાજ! વિકાર થવામાં કર્મના કેટલા ટકા?–કીધું એક ટકો પણ નહિ. તો કહે ૫૧ ટકા આત્માના રાખો અને કર્મના ૪૯ ટકા તો રાખો...કીધું સોએ સો ટકા વિકાર જીવથી પોતાથી છે, માટે તેમાં કર્મનો એકેય ટકો નથી. અજ્ઞાનીના ઉંધા પુરુષાર્થથી જ વિકાર થાય છે, તેમાં કર્મનો ટકો એક પણ નથી. એવો પણ પ્રશ્ન થયો હતો કે જીવના દ્રવ્ય, ગુણમાં તો વિકાર નથી, દ્રવ્ય-ગુણ તો શુદ્ધ છે તો વિકાર કેવી રીતે થયો? ભાઈ! વિકાર થયો પોતાની પર્યાયના અપરાધથી, તેમાં બીજું કોઈ કારણ નથી. જે સ્વતંત્રપણે કરે તેને અન્ય કારણ કોણ હોય! અજ્ઞાની અજ્ઞાનપણે સ્વતંત્રપણે વિકાર કરે છે.

વળી કહે છે કે વિકાર જીવ એકલો કરે તો જીવનો સ્વભાવ થઈ જાય માટે વિકારનો કર્તા એકલો જીવ નથી. અરે! અજ્ઞાનમાં વિકારપણે પરિણમવાનો જીવનો અજ્ઞાનસ્વભાવ છે માટે જીવ એકલો વિકાર કરે છે. આ વાત ભાષામાં નહિ પણ ભાવમાં બેસવી જોઈએ. લાખ ઈન્દ્ર ઉપરથી ઉતરે તોપણ ફરે નહિ એવી રીતે વાત બેસવી જોઈએ.

અહીં શિષ્યે પ્રશ્ન કર્યો છે તેનું શ્રીગુરુ સમાધાન કરે છે.

જ્ઞાનાવરણી કર્મથી જ્ઞાન રોકાય છે, દર્શનાવરણથી દર્શન રોકાય છે–એ નિમિત્તના કથનો છે. જડકર્મ આત્માને શું રોકે! જ્ઞાનની પરિણતિ ભાવકર્મરૂપ હીણી થાય છે તેનો કર્તા આત્મા છે, કર્મથી બિલકૂલ હીણી દશા થતી નથી.

આ વિષયમાં શ્રીગુરુ સમાધાન કરે છે.

क्रिया एक करता जुगल, यौं न जिनागम मांहि।
अथवा करनी औरकी, और करै यौं नांहि ॥२१॥

करै और फल भोगवै, और बने नहि एम।
जो करता सो भोगता, यहै जथावत जेम॥२२॥
भावकरम करतव्यता, स्वयंसिद्ध नहि होइ।
जो जगकी करनी करै, जगवासी जिय सोइ॥२३॥
जिय करता जिय भोगता, भावकरम जिय चाल।
पुदगल करै न भोगवै, दुविधा मिथ्याजाल॥२४॥
तातैं भावित करमकौं, करै मिथ्याती जीव।
सुख दुख आपद संपदा, भुंजै सहज सदीव॥२५॥

અર્થ :—'ક્રિયા એક અને કર્તા બે' એવું કથન જિનરાજના આગમમાં નથી અથવા કોઈની ક્રિયા કોઈ કરે, એમ પણ બની શકતું નથી. ક્રિયા કોઈ કરે અને ફળ કોઈ ભોગવે એવું જિનવચનમાં નથી, કેમ કે જે કર્તા હોય છે તે જ વાસ્તવમાં ભોક્તા હોય છે. ભાવકર્મનો ઉત્પાદ પોતાની મેળે થતો નથી, જે સંસારની ક્રિયા હલન, ચલન, ચતુર્ગતિભ્રમણ આદિ કરે છે તે જ સંસારીજીવ ભાવકર્મનો કર્તા છે. ભાવકર્મનો કર્તા જીવ છે, ભાવકર્મોનો ભોક્તા જીવ છે, ભાવકર્મ જીવની વિભાવપરિણતિ છે, એનો કર્તા-ભોક્તા પુદ્ગલ નથી. પુદ્ગલ તથા જીવ બંનેને (કર્તા-ભોક્તા) માનવા તે મિથ્યા જંજાળ છે. તેથી, સ્પષ્ટ છે કે ભાવકર્મોનો કર્તા મિથ્યાત્વી જીવ છે અને તે જ તેના ફળ સુખ-દુઃખ અથવા સંયોગ-વિયોગને સદા ભોગવે છે.

આત્મા ભાવકર્મનો કર્તા છે અને આત્મા જ ભોક્તા છે, પુદ્ગલકર્મ કર્તા નથી અને ભોક્તા પણ નથી. જુઓ! 'પરિણતિ એક અને તેના કર્તા બે' એવું ભગવાનના માર્ગમાં ન હોઈ શકે. અજ્ઞાન હોય કે જ્ઞાન હોય પણ પરનું તો કોઈ કરી શકતું જ નથી. શરીરની ક્રિયા શરીર પણ કરે અને આત્મા પણ કરે એમ બની શકતું નથી.

શ્રોતા :—આમા તો સ્વચ્છંદ થાય તેવું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :—અજ્ઞાન હો કે જ્ઞાન હો પરનું કોઈ કરી શકે જ નહિ. સ્વચ્છંદી હોય તો પણ પરનું તો કરી શકતો નથી. આ સમજીને સ્વચ્છંદ મટાડવાની વાત છે.

(ક્રમશઃ)

# જો મરણથી બચવું હોય ને આત્માની શાંતિ જોઈતી હોય તો ચૈતન્યનું જ શરણ ગ્રહો!

જીવ આ દેહથી જુદો જ્ઞાનસ્વરૂપ છે, તે કદી નવો થયો નથી પણ અનાદિથી છે. તે અનાદિકાળથી પોતાના અજ્ઞાનને લીધે સંસાર-પરિભ્રમણમાં જન્મ-મરણ કરી રહ્યો છે. તે જન્મ-મરણથી છૂટીને મોક્ષ થવાનો ઉપાય બતાવતાં શ્રી આચાર્યભગવાન કહે છે કે હે જીવો! મરણથી બચવું હોય તો તેનો ઉપાય વીતરાગી સંયમ છે અને તે સંયમ ચૈતન્યમૂર્તિ આત્માના ભાન વિના પ્રગટતો નથી. માટે, પહેલાં આત્માને ઓળખો તે જ એક શરણ છે. સંસારમાં જીવો અશરણ છે. શ્રી સર્વજ્ઞભગવાને જેવો ચૈતન્યસ્વભાવ કહ્યો છે તેને જ શરણભૂત જાણીને તેની આરાધના કરવી તે મોક્ષનો ઉપાય છે. માટે (શ્રીમદ્‌ રાજચંદ્રજીએ) કહ્યું કે—

"સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી,
આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી;
અનાથ એકાંત સનાથ થાશે,
એના વિના કોઈ ન બાંહ્ય સ્હાશે."

હે જીવ! શ્રી સર્વજ્ઞભગવાને આત્માનો જેવો સ્વભાવ કહ્યો છે તેને જ કારણભૂત જાણીને તેની આરાધના કર, આરાધના કર! એના સિવાય બીજું કોઈ શરણ જગતમાં નથી. આત્માના ભાન વગર એકાંત અનાથપણું છે તે ટાળીને ચૈતન્યના કારણે જ તારું સનાથપણું થશે. માટે, હે ભાઈ! આત્માની ઓળખાણ કરીને તેનું શરણ લે.

જ્ઞાનાનંદસ્વરૂપ આત્માની સમ્યક્‌શ્રદ્ધા, જ્ઞાન અને તેમાં લીનતારૂપ ધર્મ તે જ જીવોને શરણભૂત છે, એ ધર્મ સિવાય બીજું કોઈ શરણ નથી.

સ્વર્ગના ઈન્દ્રને પણ ચૈતન્યના શરણ સિવાય બીજું કાંઈ શરણ નથી. ચારે બાજુ હજારો દેવોની સેના અંગરક્ષક તરીકે ઊભી હોય, તે પણ મરણ વખતે શરણ થતી નથી. તે ઈન્દ્ર તો સમ્યગ્દષ્ટિ છે, એકાવતારી હોય છે, અંતરમાં આત્માના શરણનું તેને ભાન છે, દેહ છૂટવાનો પ્રસંગ નજીક આવતાં શાશ્વત જિનપ્રતિમાના શરણ જઈને તેમના ચરણકમળ ઉપર હાથ મૂકીને કહે છે કે હે નાથ! હે સર્વજ્ઞદેવ! તારા કહેલા વીતરાગી

ધર્મનું જ મને શરણ છે. હે પ્રભો! સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન તો છે હવે મનુષ્યપણામાં ચારિત્રની આરાધના કરીને અમે આ ભવભ્રમણનો નાશ કરશું. આમ, આરાધનાની ભાવના ભાવતાં-ભાવતાં શાંતિથી દેહ છૂટી જાય છે ને મનુષ્યભવમાં અવતરે છે. ત્યાં ચૈતન્ય ઉપર દૃષ્ટિ માંડીને લીન થઈને નગ્ન દિગંબર મુનિદશા ધારણ કરે છે ને પછી અંતરમાં એવું ત્રાટક (ધ્યાનની એકાગ્રતા) પ્રગટ કરે છે કે અલ્પકાળમાં કેવળજ્ઞાન પામે છે.

અનંત તીર્થંકરો, ઈન્દ્રો, ચક્રવર્તીઓ આ ચૈતન્યના શરણને જ અંગીકાર કરીને મુક્તિ પામ્યા છે. માટે, તેનું ભાન કરીને તેનું જ શરણ લેવા જેવું છે. તે એક જ મૃત્યુથી બચવાનો ને મુક્તિ પામવાનો ઉપાય છે.

અપૂર્વ સમ્યગ્દર્શન થયા પછી પણ આત્મામાં લીન થઈને ચારિત્રદશા પ્રગટ કરવી તે મોક્ષનું સાક્ષાત્ કારણ છે. તેથી, શ્રી આચાર્યભગવાન 'પ્રવચનસાર' શ્લોક ૧૨મા કહે છે કે હે ધર્મીજીવો! હે મોક્ષાર્થીજીવો! જો આત્માની શાંતિ જોઈતી હોય ને ભવના ફેરાથી છૂટવું હોય તો શુદ્ધદ્રવ્યનો આશ્રય કરીને મોક્ષમાર્ગમાં આરોહણ કરો. ચારિત્ર દ્રવ્યાનુસાર હોય છે એટલે કે જેટલું જોર કરીને દ્રવ્યમાં લીન થાય તેટલું ચારિત્ર હોય છે; જેટલો દ્રવ્યનો આશ્રય કરે તેટલી શાંતિ પ્રગટે છે. માટે, પહેલાં શુદ્ધદ્રવ્યને ઓળખીને તેના જ આશ્રયે લીનતા કરો. પહેલાં શુદ્ધદ્રવ્યની ઓળખાણ તો હોવી જ જોઈએ.

શુદ્ધદ્રવ્ય ઉપર જેની દૃષ્ટિ છે તે જ સમ્યગ્દૃષ્ટિ છે. સમ્યગ્દર્શન તે ચારિત્રનું મૂળ છે. ચૈતન્યચિંતામણિરૂપ શુદ્ધાત્મામાં દૃષ્ટિ અને લીનતા કરીને તેની જેટલી ભાવના કરે તેટલું ફળ પ્રગટે. ચૈતન્યચિંતામણિ અનાદિ-અનંત પરિપૂર્ણ છે. તેની ભાવના કરવાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ને મોક્ષ થઈ જાય છે.

આ દેહાદિનો સંયોગ તો અનંતવાર આવ્યો ને ગયો તે કાંઈ આત્માની ચીજ નથી. વળી, પુણ્ય-પાપ પણ અનાદિથી કર્યા પણ તેરૂપ આત્મા થઈ ગયો નથી. જો પુણ્ય વખતે પુણ્યરૂપ જ થઈ ગયો હોય તો તે પલટીને પાછુ પાપ ક્યાંથી આવ્યું? અને પાપ વખતે જો પાપરૂપ જ થઈ ગયો હોય તો તે પાપ પલટીને પાછુ પુણ્ય ક્યાંથી આવ્યું? પુણ્ય-પાપ બંનેનો નાશ થવા છતાં આત્મા એવો ને એવો અખંડ ચૈતન્યમૂર્તિ રહે છે.

આવા શુદ્ધ ચૈતન્યદ્રવ્યનો આશ્રય કરવાથી ચારિત્ર પ્રગટે છે અને જેટલી વીતરાગી ચારિત્રદશા પ્રગટી તેમાં દ્રવ્ય અભેદપણું પામે છે. જેટલો અંતરનો આશ્રય કરે તેટલું ચારિત્ર પ્રગટે ને જેટલું ચારિત્ર તેટલી દ્રવ્યની શુદ્ધતા પ્રગટે.

(અનુસંધાન પેજ ૧૦ઉપર)

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવનગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ | : | પૂ. બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ | : | જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પહેલાં | : | પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઉપકૃતભાવભીની સ્તુતિ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | પરમાગમ શ્રી પ્રવચનસાર ઉપર શાસ્ત્ર-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૧૫ થી ૪-૪૫ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૪૫ થી ૮-૪૫ | : | શ્રી પરમાત્મપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |

**વિશેષ ધાર્મિક કાર્યક્રમ :—**આપણા પરમ તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના સત્તાવીસમા વાર્ષિક સમાધિદિન નિમિત્તે સોનગઢમાં પંચાહ્નિક વિશેષ ધાર્મિક કાર્યક્રમ કારતક વદ ૨ તા. ૨૬-૧૧-૨૦૦૭, સોમવારથી કારતક વદ ૭ તા. ૩૦-૧૧-૨૦૦૭, શુક્રવાર સુધી રાખવામાં આવ્યો છે. આ 'ગુરુ-ઉપકારસ્મૃતિ'નો અવસર શ્રી પંચપરમેષ્ઠીમંડલવિધાનપૂજા, તેમજ પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેન તથા આદરણીય પંડિતરત્ન શ્રી હિમ્મતલાલભાઈ જે. શાહના ગુરુ-ભક્તિભીના માર્ગદર્શન અનુસાર વીતરાગ દેવ-ગુરુની ભક્તિ તથા વીતરાગ તત્ત્વજ્ઞાનની કલ્યાણી ઉપાસનાપૂર્વક સાદગીથી ઊજવવામાં આવશે.

### 'સમયસાર ગુજરાતી અનુવાદ'ની પૂર્ણાહુતિનો વાર્ષિક દિવસ : વિજ્યાદશમી

શ્રી સમયસાર પરમાગમના પંડિત શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ દ્વારા કરાયેલ અનુવાદની પૂર્ણાહુતિનો વાર્ષિક દિવસ આસો સુદ ૧૦ (દશેરા) તા. ૨૦-૧૦-૨૦૦૭ના રોજ સમયસારની વિશેષ ભક્તિપૂર્વક ઉજવવામાં આવ્યો હતો.

**ધાર્મિક શિક્ષણ શિબિર :—**શ્રી દિગબંર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અંતર્ગત શ્રી ઉપનગર દિ. જૈન મુમુક્ષુમંડળ, મલાડ તરફથી તા. ૨૮-૧૦-૨૦૦૭ને રવિવારના રોજ પૂરા દિવસના ભરચક કાર્યક્રમ સહિત ધાર્મિક શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું. જેનો ઘણા મુમુક્ષુ ભાઈ-બહેનોએ ઉત્સાહપૂર્વક લાભ લીધો. આ શિબિરમાં શ્રી રાજુભાઈ કામદાર, રમેશભાઈ મહેતા તથા પ્રકાશભાઈ જૈન (મલાડ) દ્વારા અધ્યાપન કરાવવામાં આવ્યું હતું.

(જગ્યાના અભાવને કારણે વૈરાગ્ય-સમાચાર આગલા અંકમાં આપવામાં આવશે.)

નમઃ શ્રીસીમન્ધરદેવાય　　　　નમઃ શ્રીકહાનગુરુદેવાય　　　　વન્દે ભગવતીમાતરમ્

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ પ્રેરિત

*શ્રી કહાન પુષ્પ પરિવાર આયોજિત*

# સપ્તમ બાલસંસ્કાર અધ્યાત્મ જ્ઞાન શિબિર

(તા. ૨૩-૧૨-૨૦૦૭ થી તા. ૨૯-૧૨-૨૦૦૭)

અનંત ઉપકારી પરમ પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા તેમના અનન્યભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મપ્રભાવના યોગથી આપણે સૌ મુમુક્ષુઓ સત્ય શુદ્ધાત્મા પ્રગટ કરવાનો માર્ગ સમજી શક્યા છીએ. આ ઊંડા તત્ત્વ સંસ્કારનું સિંચન આપણી ભવિષ્યની પેઢીમાં પણ થાય એ અત્યંત આવશ્યક છે. આ હેતુને ધ્યાનમાં રાખી શ્રી કહાન પુષ્પ પરિવાર દ્વારા પાછલા છ વર્ષોથી બાળસંસ્કાર શિબિરોનું આયોજન કરાઈ રહ્યું છે. આ જ શ્રેણિમાં આ વર્ષે પણ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરી (સોનગઢ)માં તા. ૨૩-૧૨-૦૭ થી તા. ૨૯-૧૨-૦૭ સુધી સપ્તમ બાળ સંસ્કાર શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

આ શિબિરનું આયોજન મુંબઈનિવાસી એક મુમુક્ષુ પરિવારના સૌજન્યથી કરવામાં આવ્યું છે. સર્વ મુમુક્ષુભાઈઓને નિવેદન છે કે તેઓ પોતાના બાળકોને લઈ લાભ લેવા અવશ્ય પધારે.

આ શિબિરમાં આવવાથી બાળકોને ધાર્મિક સંસ્કાર-સિંચન સાથે સાથે પૂ. ગુરુદેવશ્રી તથા પૂ. બહેનશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરીના જિનાયતનોમાં બિરાજમાન જિનેન્દ્ર ભગવંતોના દર્શન-પૂજન-ભક્તિનો, પૂ. ગુરુદેવશ્રીના કલ્યાણકારી સીડી પ્રવચનોનો તથા પૂ. ગુરુદેવશ્રીના કરકમળોથી પ્રતિષ્ઠિત સોનગઢ નજીકના કેટલાક જિનમંદિરોના દર્શનનો પણ લાભ મળશે.

આ શિબિર સમયે બાળકો ઉપરાંત વડીલો માટે પણ શિક્ષણવર્ગોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ શિબિરમાં ડૉ. કિરીટભાઈ ગોસળિયા (U.S.A.), શ્રી રાજુભાઈ કામદાર (રાજકોટ), શ્રી સુભાષભાઈ શેઠ (વાંકાનેર), શ્રી રમેશભાઈ મહેતા (સલાલ), દ્વારા અધ્યાપન કરાવવામાં આવશે.

આ શિબિર ૧૦ થી ૧૮ વર્ષના બાળકો માટે રાખવામાં આવી છે.

લિ.

શ્રી કહાન પુષ્પ પરિવાર વતી

શ્રી હસમુખભાઈ વોરા　　　　શ્રી ચીમનભાઈ મોદી　　　　શ્રી જિતુભાઈ શાહ

ના જય જિનેન્દ્ર

સૌરાષ્ટ્રની સુપ્રસિદ્ધ નગરી સુરેન્દ્રનગર મધ્યે નિર્માપિત

## શ્રી સૂર્યકીર્તિ તીર્થધામમાં

શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિર, શ્રી સીમંધરસ્વામી વીસ વિદેહી જિનવર કમલાકાર દિગંબર જિનમંદિર, શ્રી સીમંધરસ્વામી માનસ્તંભજી—ત્રિજિનાયતનોમાં બિરાજમાન થનાર જિનબિંબોના

# શ્રી દિગંબર જિનબિંબ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ

## નિમંત્રણ પરિપત્ર

જિનેન્દ્ર ભક્ત, આત્માર્થી મુમુક્ષુ ભાઈશ્રી-બહેનશ્રી..........................................................

અત્યંત આનંદોલ્લાસ સહ નિવેદન કે ભગવદ્-વીર-કુંદકુંદ-અમૃતચંદ્ર પ્રણીત સ્વાનુભૂતિપ્રધાન અધ્યાત્મમાર્ગનો પુનરુદ્યોત કરનાર, મુમુક્ષુ ભવ્ય જીવોના આત્માર્થ પોષક આપણા પરમ તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તથા પોતાના જાતિસ્મરણજ્ઞાનથી ઉપકારમૂર્તિ પૂજ્ય કહાન ગુરુદેવના ભૂત-વર્તમાન-ભાવિના અદ્‌ભૂત વ્યક્તિત્વને પ્રકાશિત કરનાર પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મોપકાર પ્રતાપે તથા પંચ પરમાગમના ગુર્જર અનુવાદ દ્વારા આપણા ઉપર વિશિષ્ટ ઉપકાર છે તે ઊંડા આદર્શ આત્માર્થી પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહના આદર સહ, અમારા સુરેન્દ્રનગરમાં પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રીના પવિત્ર કરકમળથી પ્રતિષ્ઠિત શ્રી શાંતિનાથ જિનમંદિરની મંગલ આશિષ છાયામાં પૂજ્ય ગુરુદેવના પ્રભાવનાયોગની વૃદ્ધિ સૂચવતું "શ્રી સૂર્યકીર્તિ તીર્થધામ" વિષે શ્રી કુંદકુંદ કહાન દિગંબર જૈન મુમુક્ષુ મંડળ દ્વારા નિર્માપિત શ્રી સીમંધર સ્વામી જિનમંદિરમાં શ્રી સીમંધરસ્વામી, શ્રી પાર્શ્વનાથસ્વામી તથા શ્રી નેમિનાથસ્વામીના સંગેમરમરના પ્રતિમાઓ તથા આદિનાથસ્વામી, શ્રી ભરત ભગવાન તથા શ્રી બાહુબલી ભગવાનના ખડ્‌ગાસન પ્રતિમાઓની તથા અદ્‌ભૂત અને દર્શનીય વીસ વિદેહી જિનવર કમલાકાર જિનમંદિરમાં વિદેહક્ષેત્રસ્થ વીસ જિનેન્દ્ર ભગવંતોના વીતરાગ ભાવવાહી જિનબિંબોની તથા ગગને અડંતા ૫૧ ફૂટ ઉન્નત સંગેમરમરના શ્રી સીમંધર સ્વામી માનસ્તંભજીની પંચકલ્યાણક પ્રતિષ્ઠાના મંગળ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. તદ્‌ઉપરાંત ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ, શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ, પંચપરમાગમ જિનવાણીનું મંગલ સંસ્થાપન, પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની સંગેમરમર નિર્મિત પ્રતિકૃતિ (સ્ટેચ્યુ) તથા સંગેમરમરમાં ઉત્કીર્ણ ચિત્રપટોની અનાવરણ વિધિ નિર્ધારિત કરવામાં આવેલ છે.

આ ભવ્ય પંચકલ્યાણક-પ્રતિષ્ઠા મહોત્સવ વિ.સં. ૨૦૬૪ પોષ સુદ ૧૩, રવિવાર તા. ૨૦-૧-૨૦૦૮થી પોષ વદ ૫ રવિવાર તા. ૨૭-૧-૨૦૦૮ એમ આઠ દિવસમાં સંપન્ન થશે. જેની વિજ્ઞપ્તિ આ પરિપત્ર દ્વારા આપને અગાઉથી પ્રેષિત કરીએ છીએ આ મંગળ મહોત્સવની ભવ્ય નિમંત્રણ પત્રિકા મુદ્રિત થયે આપને હવે પછી મોકલવામાં આવશે.

પરમકૃપાળુ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી અને ધન્યાવતાર પૂજ્ય ભગવતી માતાના પુનિત પ્રતાપે અમારા આંગણે મહાભાગ્યે સંપન્ન થનાર આ ભવ્ય અવસરે આપ સૌને સપરિવાર તેમજ સાધર્મી મુમુક્ષુવૃંદ સહિત પધારવાનું અમારુ અતિઆગ્રહભર્યું આમંત્રણ પાઠવીએ છીએ, માટે નિજકલ્યાણના પ્રબળ નિમિતભૂત આ શુભ પ્રસંગે આપ સૌ અવશ્ય પધારશોજી.

લિ.

શ્રી કુંદકુંદ કહાન દિગંબર જૈન મુમુક્ષુ મંડળ
શ્રી સૂર્યકીર્તિ તીર્થધામ
જૂના જંકશન રેલ્વે ફાટક પાસે, શ્રી મલ્લીનાથ
એપાર્ટમેન્ટ સામે, સુરેન્દ્રનગર—૩૬૩૦૦૨

શ્રી કુંદકુંદ કહાન દિગંબર જૈન મુમુક્ષુ મંડળ
મુકુન્દરાય ચુનીલાલ શાહ (પ્રમુખ)ના
જયજિનેન્દ્ર

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

❀ ક્રમબદ્ધ સિદ્ધ કરવાનો હેતુ અકર્તાપણું બતાવવું છે. એક તત્ત્વના પરિણામ બીજું તત્ત્વ કરે એમ ત્રણકાળમાં બનતું નથી. જે સમયે જે દ્રવ્યની જે ક્રમબદ્ધપર્યાય થાય છે તેનો કર્તા અન્ય દ્રવ્ય નથી એમ કહીને સિદ્ધ એમ કરવું છે કે જીવ છે તે રાગનો કર્તા નથી. જીવ તો જ્ઞાન-શ્રદ્ધા-આનંદનું કાર્ય કરે છે. ૪૨૯.

❀ વિકારનું સ્વામીપણું તે બંધનું કારણ છે અને સ્વદ્રવ્યનો આશ્રય તે મુક્તિનું કારણ છે. પરદ્રવ્ય તરફ જેટલું લક્ષ જાય છે તેટલો બંધ થાય છે. શરીર–મન–વાણી–અજીવ તત્ત્વથી અને પુણ્ય-પાપથી ભિન્ન નિજ આત્માનો આશ્રય કરતાં જે દશા થાય તે ધર્મ અને મોક્ષનું કારણ થાય છે તથા તેને છોડી જેટલો પરદ્રવ્યનો આશ્રય થાય છે તે અધર્મ દશા છે અને તે બંધનું કારણ છે. ૪૩૦.

❀ એક કહે છે કે ક્રમબદ્ધપર્યાય હોય તો તો નિયત થઈ જાય છે, બીજો કહે કે ક્રમબદ્ધમાં અમારે રાગ આવવાનો હતો તે આવ્યો–તે બંને ભૂલ્યા છે, મિથ્યાદૃષ્ટિ છે. મિથ્યાત્વને ઊલટું પુષ્ટ કરીને નિગોદનો માર્ગ બંનેએ લીધો છે. જેને ક્રમબદ્ધ યથાર્થ બેઠું છે તેની દૃષ્ટિ પર્યાય ઉપરથી ખસીને આનંદમય આત્મા ઉપર છે, તેને ક્રમબદ્ધમાં રાગ આવે છે તેનો જાણનાર રહે છે. જ્ઞાનાનંદ સ્વભાવની દૃષ્ટિપૂર્વક જે રાગ આવે છે તે રાગ દુઃખરૂપ લાગે છે, તેણે ક્રમબદ્ધને યથાર્થ માન્યું છે. આનંદની સાથે દુઃખને મેળવે છે, મીંઢવે છે કે અરે! આ રાગ દુઃખરૂપ છે— એમ ક્રમબદ્ધ માનનારો આનંદની દૃષ્ટિપૂર્વક રાગને દુઃખરૂપ જાણે છે, તેને રાગની મીઠાસ ઊડી ગઈ છે. જેને રાગમાં મીઠાસ પડી છે અને પહેલાં અજ્ઞાનમાં રાગને ટાળવાની ચિંતા હતી તે પણ ક્રમબદ્ધ....ક્રમબદ્ધ કરીને મટી ગઈ છે તેને તો મિથ્યાત્વની પુષ્ટિ વધી છે. મિથ્યાત્વને તીવ્ર કર્યું છે. રાગ મારો નથી એમ કહે અને આનંદસ્વરૂપની દૃષ્ટિ નથી તો તેણે તો મિથ્યાત્વને વધાર્યું છે. ભાઈ ! આ તો કાચા પારા જેવું વીતરાગનું સૂક્ષ્મ રહસ્ય છે. અંતરથી પચાવે તો વીતરાગતાની પુષ્ટિ થાય અને તેનું રહસ્ય ન સમજે તો મિથ્યાત્વને પુષ્ટ કરે. ૪૩૧.

આત્મધર્મ
નવેમ્બર-૨૦૦૭
અંક-૩ * વર્ષ-૨

Registered Regn. No. BVR-367/2006-2008
Renewed upto 31-12-2008
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## 卐 આજે ભગવાન મહાવીર મોક્ષે પધાર્યા... 卐

ખરેખર તો મોક્ષની પર્યાય પોતાના ષટ્કારકથી ઉત્પન્ન થઈ છે. વિકારી પર્યાય પણ પોતાના ષટ્કારકથી ઉત્પન્ન થાય છે, કેમ કે દ્રવ્ય-ગુણમાં વિકાર નથી છતાં પર્યાયમાં વિકાર થાય છે તે પર્યાય પોતાની સ્વતંત્રતા જાહેર કરે છે અને તે સ્વતંત્રતાની જાહેરાતનું તાત્પર્ય વીતરાગતા છે, અને તે વીતરાગતા, દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય છે ત્યારે થાય છે. સમ્યગ્દર્શનની પર્યાયનો તે કાળે જન્મક્ષણ છે, તે પોતાના ષટ્કારકથી થાય છે, તેને દ્રવ્ય-ગુણની પણ અપેક્ષા નથી. આજે ભગવાન મહાવીર મોક્ષ પધાર્યા ત્યારે મોક્ષ પર્યાયનો ઉત્પત્તિનો કાળ હતો, તેને મોક્ષમાર્ગને લઈને થઈ તેમ કહેવું તે વ્યવહાર છે. કેમ કે મોક્ષમાર્ગનો વ્યય થાય છે, વ્યય તે કારણ કેમ હોય? ઉત્પાદ્નું કારણ ઉત્પાદ્ પોતે છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

Printed & published by Chimanlal Thakarshi Modi on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor Hiralal Bhikhalal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662